<u>ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, ભુજ–કચ્છ.</u>

ફોજદારી કેસ નં.૧૪૨૦/૨૬

શ્રી સરકાર .. ફરીયાદી

વિરૂધ્ધ

જીજ્ઞેશ રવજી સોલંકી ..આરોપી

<u>આંક–૧ લગત હુકમ :–</u>

આ કામના આરોપી આજરોજ રાષ્ટ્રીય લોક અદાલત ના ઉપક્રમે રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે, જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે. આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓ કોઈ ગુનાહિત ઈતીહાસ ધરાવતા નથી, જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. ના.ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટરવભાઈ હરીચંદ્રજી ઠાકોરના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરુપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે, તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આરોપી ને **જી.પી.એકટની કલમ ૧૩૫** ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦/–** (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ અંગે નિયમ મુજબની કાર્યવાહી કરી નાશ/નિકાલ કરવો.

હુકમ આજરોજ રાષ્ટ્રીય લોક અદાલત સ્પેશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ભુજ – કચ્છ.
તા.૧૪/૩/૨૦૨૬.

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ. GJ01472